## ૧૫. શ્રી ધર્મનાથ ભગવાનની થોયો (સ્તુતિઓ) (૩)

### (૧) (રાગ : આદિ જિનવર રાયા...)

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી, કેવલશ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી, નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. ૧

(નોંધ : નીચેની આ થોય (સ્તુતિ) ચાર વખત બોલી શકાય છે.)

### (૨) (રાગ : શંખેશ્વર પાર્શ્વજી પૂજીએ...)

સખી ધર્મ જિનેશ્વર પૂજીએ, જિન પૂજી મોહને ધ્રૂજીએ;
પ્રભુ વયણ સુધારસ પીજીએ, કિન્નર કંદર્પ્પા રીઝીએ. ૧

### (૩) (રાગ : વીર જિનેશ્વર અતિ અલવેસર...)

ધરમ જિનેશ્વર ધરમના દાતા, તેનો ધ્યાન ધરે મુનિ મોટાજી,
જિનદર્શન સુખ પાવત અનુભવ, પીવે રસ ભરી લોટાજી;
ધર્મ નામ ધર્યો ધન પાવે, પૂરવ પુણ્ય પસાયાજી,
વંછિત જિન પન્નરમા પેખી, લહીએ સુખ દયાએ સવાયાજી. ૧
જિહાં દયા તિહાં ધર્મ સહાજ્યો, ધર્મથી ક્રોડ કલ્યાણજી,
પંચ કલ્યાણક કરણ પ્રભુ જનમિયા, રત્નપૂરે ભાનુકુળ ભાણજી;
સુવ્રતામાતા લડાવ્યા લાડે, છપ્પન કુમરી ઈમ લાયાજી,
ચોસઠ ઇન્દ્ર ઓચ્છવ સુર મોચ્છવ, મેરુશિખરે નવરાયાજી. ૨
બાળલીલા જોવનરસ લહીને, કેવલ જિનપદ લીધુંજી,
ત્રિગડે બેસી ત્રિભુવન તારક, વારક કર્મદલ કીધુંજી;
પર્ષદા બાર સુણે ભલે ભાવે, દુંદુભિ ગયણે ગાજેજી,
કિન્નરયક્ષ શાસન સુખ આપે, સમ્મેતશિખર શિવ છાજેજી. ૩
રુમઝુમ કરતી અતિ ઓપંતી, પણ્ણત્તિ દેવી પ્રતાપીજી,
સંઘ સહાજ્ય સદા સુખ દેણી, સવિ સંયમી મન વ્યાપીજી;
શ્રી વિજયસેનસૂરીશ્વર પાટે, રત્નવિજય ગુરુરાયાજી,
તાસ પસાયે '**વિનીત**' ઈમ ભણે, ધર્મથી પરમ પદ પાયાજી. ૪

 અધિક નહિ પણ, અનિયમિત / અવ્યવસ્થિત કામ માનવીને નિરાશ કરે છે.

Scanned with CamScanner

## થોય

ધરમ જિનપતિનો, ધ્યાન રસમાંહે ભીનો;
વર રમણ શચિનો, જેહને વર્ણ લીનો;
ત્રિભુવન સુખ કીનો, લંછને વજ્ર દીનો;
નવિ હોય તે દીનો, જેહને તું વસીનો.

